## મધ્યપ્રદેશના સાગર ખાતે સૈનિકોના તાલિમ કેન્દ્રમાં

# ગરમીથી બોમ્બ ફાટતાં વિજયનગરના દંતોડ ગામનો કમાન્ડો શહીદ

ભિલોડા,તા.૨૨

ભારતીય સેનામાં નાયક સુબેદાર તરીકે ફરજ બજાવતા વિજયનગર તાલુકાના દંતોડ ગામના વતની બકુલભાઈ મુળજીભાઈ પટેલ તા. ૨૧ના રોજ સવારે ૮:૩૦ વાગ્યે મધ્યપ્રદેશ રાજ્યના સાગર ખાતે આવેલા સૈનિકોના તાલિમ કેન્દ્રમાં ગરમીથી બોમ્બ ફાટતાં મૃત્યું નિપજ્યું હતું. મળતી માહિતી મુજબ સૈનિકોને તાલીમ માટેના ગ્રેનાઈટ બોમ્બ ફાટતાં તેમનું મૃત્યું થયું હતું. આ સમાચાર વાયુ વેગે પ્રસરતાં દંતોડ ગામ સહિત વિજયનગર તાલુકામાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી. બકુલભાઈ થોડા જ સમયમાં નિવૃત થવાના હતા અને આ ઘટના સર્જાઈ હતી. રાજકીય સન્માન સાથે દંતોડ ગામમાં અંતિમ વિધી કરાઈ હતી.

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના દંતોડ ગામના રહેવાસી એન.એસ.જી.કમાન્ડો તરીકે ફરજ બજાવતા બકુલભાઈ મુળજીભાઈ પટેલનું મધ્યપ્રદેશના સાગર ખાતેના તાલિમ કેન્દ્રમાં તાલિમ દરમ્યાન ગ્રેનાઈટ બોમ્બ બ્લાસ્ટ







થવાના કારણે મોત નિપજ્યું હતું ત્યાં એક જવાન ઘાયલ થયા હતા. ભિલોડા, વિજયનગર અને દંતોડ પંથકમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી. દંતોડ ગામ શહીદ જવાનનું કરૂણ મોત નિપજતાં હિબકે ચડ્યું હતું.

મૃતકના જવાનના પત્ની જમનાબેન પટેલ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે. એકનો એક પુત્ર પિતાથી વિખુટા પડ્યો હતો. એક ભાઈ શિક્ષક, બહેન મંજુલાબેન બકુલભાઈની શહીદીના સમાચાર સાંભળી ઘેરા શોકમાં ધકેલાયા હતા. સૈનિકોને જમીનમાં દારૂગોળો લગાવીને કેવી રીતે વિસ્ફોટ કરાય તે બકુલભાઈ પટેલ શિખવાડી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના બનવા પામી હતી.

વિસ્ફોટની જગ્યાએ ચાર ફુટ જેટલા ખાડા પડી ગયા હતા. ધડાકો થતાની સાથે શરીર આઠથી દસ ફુટ ફંગોળાતાં એક હાથ, એક પગ અલગ થઈ ગયા હતા. ટ્રેનિંગ સેન્ટરમાં આવી ઘટનાઓ અગાઉ પણ બનવા પામી હતી પણ કોઈનું મૃત્યું થયું ન હતું. આ ઘટના ખુબ જ દુઃખનીય છે. બકુલ પટેલને સૈનીકોએ શ્રધ્ધાંજલી આપી ટ્રેનીંગ દરમ્યાન તેમની શહીદી પર સેનાએ ગર્વ વ્યક્ત કર્યો હતો. આ બાબતે નાયબ સુબેદાર રાજેશકુમાર પોલીસમાં એફ.આઈ.આર. નોંધાવી હતી. ઉચ્ચ ઓફીસરોએ આખી ઘટનાની તપાસનો આદેશ આપ્યો હતો.

એન.એસ.જી. શહીદ કમાન્ડોનો મૃતદેહ માદરે વતન દંતોડ ગામમાં લવાતાં શહીદ જવાનના સગાં-સબંધીઓ, ગ્રામજનો સહિત દંતોડ ગામ હિબકે ચડ્યું હતું. શહીદ જવાનને ગાર્ડ ઓફ ઓનરની સલામી આપી અંતિમ સંસ્કાર કરાયા હતા. શહીદ જવાનની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# પ્રાંતિજમાં એલઈડી લાઈટો હલકી ગુણવત્તાવાળી નંખાઈ

### એલઈડી લાઈટોથી ઝગમગી ઉઠશે પ્રાંતિજ એ સપના ઉપર પાણી ફરી વળ્યું : આડેધડ લગાવી દેતાં રસ્તાઓ અંધારપટ : રહિશોની ફરીયાદ પણ નગરપાલિકા નોર્ડલ અધિકારી ગેનમાં

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે લગાવવામાં આવેલ એલઈડી લાઈટો હલકી ગુણવંતાવાળી લગાવવામાં આવતાં પ્રાંતિજને એલઈડી પ્રકાશિતના અને વિવિધ વોર્ડોના લોકો દ્વારા ફરીયાદ કરવાં છતાં હાલ લગાવેલ ઉલ્ટી એલીઈડી લાઈટો ફેરવવામાં આવી નથી ત્યારે જે જગ્યાઓ ઉપર પાંજરા પહેલાં બે હતાં તેની જગ્યાએ એક માત્ર આ એક એલઈડી



બદલે અંધકારમય બન્યું અને આડેધડ લાઈટો લગાવવામાં આવતા રસ્તાઓ ઉપર અંધારપટ છવાયો અને એલઈડી લાઈટોથી ઝગમગી ઉઠશે એ પ્રાંતિજ વાસીઓના સપના ઉપર પાણી ફરી વળ્યું.

પ્રાંતિજ ખાતે સરકાર દ્વારા વિજળી બચાવો અભિયાન હેઠળ એલઈડી લાઈટો નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે પણ આ એલઈડી લાઈટો હલકી ગુણવત્તાવાળી નાખવામાં આવતાં લાઈટો થાંભલા ઉપર જ બળી જાય છે. અને લોકોની ઘરની પાસે આવેલ સ્ટેટ લાઈટોથી લોકોમાં અંધકાર થતાં જ ભયનો માહોલ રહેવા પામ્યો છે ત્યારે જેમ તેમ એલઈડી લાઈટો લગાવવામાં આવતાં પ્રાંતિજમાં પહેલાથી પણ વધારે અંધકારમય અંધારપટ થયું છે લગાડવામાં આવતાં હાલ પ્રાંતિજમાં અંધારપટ જોવા મળી રહ્યો છે. ત્યારે નગરપાલિકા નોર્ડલ અધિકારી ચિન્ટુભાઈને રહીશો દ્વારા ફોન ઉપર કંપેલન કરવાં છતાં આંખ આડા કાન કરી રહ્યાં છે અને આવુ છું જોવું છું તેમ કહી સ્થળ ઉપર જતા નથી ત્યારે હાલ તો એલઈડી લાઈટોને લઈને પ્રાંતિજમાં અંધારપટની સાથે વિવિધ ચર્ચાઓએ પણ જોર પકડયું છે ત્યારે ખરેખર તપાસ થાય તો ખબર પડે કે એલઈડી લાઈટોમાં કેટલું દમ છે ત્યારે હાલ તો અંધારપટ થતાં નગરપાલિકાને બીલ તો ખરેખર ઓછુ આવશે પણ પ્રાંતિજવાસીઓના સપના ઉપર પાણી ફરી વળ્યું છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું ખરેખર તપાસ થશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું.

# ભિલોડાના અભાપુરનું ઈટવા તળાવ પાણીથી ભરવા પ્રબળ લોકમાંગ

શામળાજી, તા. ૨૨

અભાપુરમાં ઈટવા તળાવ સુકાતા ગ્રામજનોમાં ચિંતાનો વિષય બન્યો છે અને પાણીની વિકટ સમસ્યા બની છે. વિગત એવી છે કે ગામ અભાપુરમાં ઈટવા તળાવ આવેલુ છે અને તે રમણીય અને અતિ સુંદર ગીરીમાળાઓમાં આવેલુ છે તેથી તે પાણી વગર સુકાઈ ગયું છે. અને આ તળાવના લીધે આજુ-બાજુ વસતા ગામો જેવા કે અભાપુર, હાથિયા, જેસિંગપુર ભેટાલી, કરણપુર ખેરાડી, હરદાસપુર, ખિલોડા જેવા ગામો આવેલા છે. અને તળાવની આજુબાજુ અભાપુર સેવા સહકારી મંડળીની ફોરેસ્ટનું અંદાજે ૬૪૧ હે. જંગલ જમીન આવેલ છે. તેથી આ તળાવનું પાણી જંગલના વન્ય પ્રાણીઓ માટે તેમજ જંગલની જડ્ડીબટ્ટીઓ પણ પાણીના અભાવે નાશ પામી છે. તેથી ચાલુ સરકારને અમારી નમ્ર અપીલ છે કે શામળાજી મેશ્વો ડેમમાંથી લીફ્ટ ઈરીકેશન દ્વારા સીધુ ધુળેટા થઈ ધંધાસણ થઈ બુધરાસણ નાળમાં થઈ અભાપુર ઈટવા તળાવમાં નાખવામાં આવે તેવી લોક માગણી છે. તો આટલા બધા ગામો આ તળાવ ઉપર નિરભર હોવાથી તાત્કાલિક નર્મદા એરીકેશન દ્વારા પાણીની સમસ્યા હલ કરવામાં આવે તેવી અમારી નમ્ર અપીલ છે. અને ઈટવા તળાવના લીધે સ્થાનિક વસતા ખેડૂતભાઈઓ તળાવનું પાણી સુકાતા માઠી ચિંતાનો વિષય બન્યો છે અને ખેતીમાં પણ પાણીના લીધે ખુબ મોટુ નુકશાન થયેલ છે. તેમજ સ્થાનિક લેવલે ગામમાં વસતા ૨૦૦ ઘરોની વસતી આ ગામમાં આવેલી છે. તેમજ આજુબાજુના ગામોના હજારો ખેડૂતો આ તળાવ પર નિર્ભર રહે છે. તો લોકોની અને અભાપુર ગામના યુવાનોના અને અભય યુવા મંડળના યુવા પ્રમુખ જગદીશભાઈ ચિમનભાઈ ભગોરા અને મહેરૂ પંચાયતના ચાલુ વર્ષ દરમિયાન સરપંચના હરિફ ઉમેદવારની રજૂઆતને ધ્યાનમાં લઈ આપને અમારી નમ્ર અપીલ છે કે અમારી પાણીની સમસ્યાનો હલ કરવામાં આવે એવી ઈચ્છા વ્યક્ત કરીએ છીએ.

## અરવલ્લી જિલ્લામાં ઉનાળો આકરો બન્યો

# સતત ઉંચકાયેલા તાપમાનથી અસહ્ય ગરમીમાં સૌ જીવો ત્રાહીમામ

### પરસેવે રેબઝેબ કરતી ગરમીથી બચવા લોકો બપોરના પાંચ કલાક ઘરોમાં પુરાઈ રહેવાનું મુનાસિબ સમજ્યુ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં સતત એકધારા ઉંચકાયેલા તાપમાનમાં ગરમીનો પ્રભાવ વધતો હોઈ લોકો આ કાળઝાળ ગરમીથી પ્રભાવિત થયા છે જેમાં સવારે દસ વાગ્યાથી પ્રભાવી ગરમી શરૂ થઈ જતા લોકો સઘળા કામકાજ છોડીને ગરમીથી બચવાના પ્રયાસો કરવા માંડે છે. ઠંડાપીણા, લીંબુ શરબત, શેરડીનો રસ વગેરેનો સહારો લઈ ગરમીથી રક્ષણ મેળવતા નજરે પડી રહ્યા છે.

ચાલુ સાલે ગરમીએ માઝા મુકતા રેકર્ડબ્રેક ગરમીએ બધા રાજ્યોમાં પ્રકોપ વરસાવ્યો છે. જેમાં તાપમાન છેક ૪૧ થી ૪૩.૫ ડીગ્રી સુધી ઉંચકાતા આ અસહ્ય ગરમી અને ભારે ઉકળાટ તેમજ બફારાથી સૌ કોઈ તોબા પોકારી રહ્યા છે. તો બીજી તરફ રાજ્યના ઘણાય જિલ્લાઓમાં અત્યારથી પાણી માટે પોકાર પડવા માંડી છે. જેમાં મનુષ્યો માટે પીવાના પાણી તેમજ પશુઓ માટે ઘાસચારાની અછત અત્યારથી વર્તાતા ખેડૂતો અને પશુપાલકો પણ ભારે ચિંતાની ગર્તામાં મુકાયા છે.

દેહને દઝાડતી આ કાળઝાળ ગરમીમાં જેના માથે સર છુપાવવા માટે છત છે તે તેઓ તો પોતાના ઘરોમાં કે ઓફીસોમાં બપોરના સમયગાળો પસાર કરી લઈ ગરમીથી પોતાનું રક્ષણ કરી લે છે, પરંતુ ખુલ્લા આકાશતળે જાહેર માર્ગો પર આવેલ ફૂટપાથો પર જીવન વ્યતિત કરનારાઓની હાલત આ અસહ્ય ગરમીમાં કેવી થતી હશે તે તો અનુભવે તે જ જાણે.

બીજી તરફ આ કાળઝાળ ગરમીથી રક્ષણ મેળવવા આરોગ્યતંત્ર દ્વારા ઠેર ઠેર પોસ્ટરો, બેનરો અને ભીતપત્રો દ્વારા લોકોને લૂ લાગવાના લક્ષણો અને તેના બચાવ માટે માહીતગાર કરી લોકોને જાણ કરવામાં આવે અને સાવચેતીના ભાગરૂપે વધુમાં વધુ પાણી પીવુ, લીંબુ શરબત પીવુ, ઠંડા પીણા કે શેરડીનો રસ પીવો.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાઓના આજણાં ચૌધરી સમાજનું સંમેલન યોજાયું

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તમામ તાલુકાઓને આવરી લઈ શરૂ કરાયેલ સંગઠન સંરચના અને આખરી ઓપ આપેલ બંધારણને બહાલ રાખવા આજે બન્ને જિલ્લાના આજણા ચૌધરી સમાજના આગેવાનો-યુવાનોનુ એક સંમેલન ભિલોડામાં જેસિંગબાપા એજ્યુકેશન કેમ્પસમાં યોજાતા મોટા કોટડાના કેશુભાઈ પટેલે આ પ્રસંગે સૌનું સ્વાગત કર્યું હતું.

દીપ પ્રાગટ્ય સાથે શરૂ થયેલ સંમેલનમાં રાજ્ય ખેતી બેંકના પૂર્વ ચેરમેન અને જિલ્લા ખેતી બેંકના ચેરમેન કનુભાઈ એમ. પટેલે તાલુકા કક્ષાએ સમાજના ગામોમાંથી ભાઈ-બહેનોની બેઠકો કરી નીચેથી જિલ્લા સુધી સંગઠન વધુ મજબૂત કરવા અને સંગઠન બિન રાજકીય હોય તેમ તેના હોદ્દેદારો નિયુક્ત કરવા પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો હતો. બાયડ, મોડાસા, ભિલોડા, મેઘરજ, ધનસુરા સહિતના અરવલ્લી જિલ્લાના અને ઈડર, વડાલી, વિજયનગર સહિતના સાબરકાંઠા જિલ્લાના સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડાના દામુભાઈ ખેરાડીવાળા જેસિંગભાઈ પટેલે સમાજલક્ષી પણ સૂચનો કર્યા હતા. જ્યારે મોડાસાથી ગુજરાત બાર કાઉન્સિલના મેમ્બર સમાજ અગ્રણી ધારાશાસ્ત્રી હીરાભાઈ પટેલે પ્રારંભે પોતાના રચનાત્મક સૂચનો કર્યા હતા. જ્યારે સાબરડેરીના વાઈસ ચેરમેન કાંતિભાઈ એસ. પટેલ, ડિરેક્ટર પૂર્વ વાઈસ ચેરમેન જયંતીભાઈ પટેલ, ધનસુરાથી અનિલભાઈ પટેલ, વડાલીના ડાહ્યાભાઈ પટેલ, પ્રભુદાસ પટેલ, ભિલોડા, રમેશભાઈ પટેલ, લખાભાઈ હુંજ, મેઘરજ ઈસરીથી એન.કે. પટેલ સહિત અગ્રણીઓએ પોતાના સૂચનો કર્યા હતા.

# પ્રાંતિજમાં શ્રી વલ્લભપ્રભુજીની શોભાયાત્રા નિકળી

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે રહેતાં વૈષ્ણવ સમાજના ભાઈ-બહેનો દ્વારા શ્રી વલ્લભ પ્રભુજીની ૫૪૦માં પ્રાગટયદિન નિમિતે શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

પ્રાંતિજ દેસાઈની પોળ ખાતે આવેલ શ્રી મદન મોહન લાલજીના આવી હતી. જેમાં ગુજરની પોળ, બજારચોક, લાલ દરવાજા, ખોડીયાર કૂવા વગેરે માર્ગોમાંથી પ્રસાર થઈને શોભાયાત્રા ભાખરીયા પાસે આવેલ શ્રી ધનશ્યામલાલજીના મંદિર ખાતે શોભાયાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું. જયારે શોભાયાત્રામાં ઠેરઠેર સ્વાગત



મંદિરેથી વૈષ્ણવ ધર્મના પૃષ્ટ માર્ગીય સંપ્રદાયના પ્રણેતા શ્રી વલ્લભ પ્રભુજીના ૫૪૦માં પ્રાગટય દિનની ઉજવણી નિમિત્તે વૈષ્ણવ સમાજના ભાઈઓ અને મંદિર વ્યવસ્થાપકો દ્વારા શ્રી વલ્લભ પ્રભુજીની વિશાળ તસ્વીરને બગીમાં બીરાજમાન કરી બેન્ડવાજા સાથે શોભાયાત્રા કાઢવામાં કરવામાં આવ્યું જયારે શોભાયાત્રામાં પ્રાંતિજ સહિત આજુબાજુ રહેતાં વૈષ્ણવ સમાજના ધર્મ પ્રેમીઓ સહિત લોકો મોટી સંખ્યામાં જોડાયાં હતાં અને વૈષ્ણવ સમાજના ભાઈ સહિત ધર્મપ્રેમીલોકોએ દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

# મોડાસા બસ સ્ટેન્ડ વિસ્તારમાં ગટરો ઉભરાતા ભરઉનાળે ચોમાસા જેવો માહોલ

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના બસ સ્ટેન્ડ પાછળ જુની કલેક્ટર કચેરી માર્ગેથી રામપાર્ક સોસાયટી વરસાદી પાણીના નિકાલ માટે નવીન ગટર લાઈનનું કામકાજ મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવતા જુની ગટરના જોડાણો બંધ કરતા આજુબાજુના સોસાયટીઓ અને ફ્લેટધારકો દ્વારા જાહેરમાર્ગ પર ગટરના પાણી વહાવતા માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ ભારે મુશ્કેલીનો સામનો વેઠી રહ્યા છે. નગરપાલિકા તંત્ર દ્વારા જાહેરમાર્ગો પર ગટરનું ગંદુ પાણી કાઢતા ફ્લેટધારકો અને સોસાયટીના રહીશો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી નગરજનોમાં ઉગ્ર માંગ ઉઠી છે.



મોડાસા શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે દર વર્ષે કરોડો રૂપિયાનુ એંધાણ કરવામાં આવતુ હોવા છતાં ભુગર્ભ ગટર યોજનાનુ કોઈ ઠેકાણુ પડતુ નથી. તદ્ઉપરાંત મોડાસા નગરના જુના વિસ્તારમાં પરંપરાગત નીકવાળી ગટર લાઈનની પણ સ્થાનિક પાલિકા તંત્ર દ્વારા કોઈ દેખરેખ કે જાળવણી કરવામાં નહી આવતી હોવાની લોકબૂમ છાશવારે ઉઠવા પામે છે. મોડાસા બસસ્ટેન્ડ પાછળથી રામપાર્ક સોસાયટી સુધીના માર્ગ પર ચાલી રહેલા ગટરના નવીનીકરણના પગલે માર્ગ પર આવેલી રહેણાંક સોસાયટીઓ અને ફલેટ ધારકોએ વૈકલ્પીક વ્યવસ્થા કરવાના બદલે ગટરનું પાણી જાહેરમાર્ગ પર કાઢતા માર્ગો પર ગટરના પાણી છલકાઈને ગંદકીના સામ્રાજ્યો સર્જી રહ્યુ છે. જેને લીધે આ માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ નજીકના વેપારીઓ અને વહેલી સવારે મોર્નિંગ વોકમાં નિકળતા અને મંદિરોમાં દર્શન કરવા જતા શ્રદ્ધાળુઓને આ ગટરલાઈનના ઉભરાતા પાણી વચ્ચેથી જ પસાર થવુ પડે છે. વાહનો પસાર થતા ગંદા પાણીની છાલકો પણ ઉડતી રહે છે. ગંદાપાણીના ઉભરાતા માહોલ વચ્ચે પાલિકા તંત્રના પેટનુ પાણી હાલતુ નથી. જેની સામે નગરજનોમાં ભારે રોષ વ્યાપ્યો છે. નગરપાલિકા તંત્ર અને નવીન ગટર લાઈનનું કામકાજ કરતા કોન્ટ્રાક્ટર દ્વારા નવીન ગટર લાઈનનું કામકાજ ઝડપથી પુરૂ કરવામાં આવે અને જાહેરમાર્ગ પર ગટરના પાણી કાઢતા જવાબદાર લોકો સામે સખ્તાઈ પૂર્વક કાર્યવાહિ કરવાની ઉગ્ર માંગ ઉઠી છે.

# મોડાસા નગરની રત્નદીપ સોસાયટીમાં પાણીનો કકળાટ

મોડાસા, તા. ૨૨

મોડાસા નગરના માલપુર રોડ પર આવેલ મોટી રત્નદીપ સોસાયટીમાં નગરપાલિકાતંત્ર દ્વારા પાણી ધીમુ તથા ઓછા પ્રેશરથી અપાતા રહીશો ત્રાહીમામ થયા છે.

મોડાસા નગરના માલપુર રોડ પર આવેલી પોશ વિસ્તારની અંદાજીત ૧૦૦ બંગલાની મોટામાં મોટી એવી રત્નદીપ સોસાયટીમાં લાંબા સમયથી નગરપાલિકા વારીગૃહ વિભાગ દ્વારા પાણી આપવામાં ઓરમાયુ વર્તન રખાતુ હોવાનું કહેવાય છે.

બીજા બધા વિસ્તારો કરતા પાણીનું પ્રેશર ધીમુ હોય છે. પાણીનો સમય પણ ઓછો રખાય છે. જેના કારણે આ વિસ્તારના રહીશો પાણીથી ત્રાસી ગયા છે. ઉનાળાની શરૂઆતમાં જ તંત્ર દ્વારા હેરાન કરાતા લોકોમાં કચવાટ પેદા થયો છે.

આ અંગે નગરપાલિકા તંત્રનું ધ્યાન દોરતા અંડરગ્રાઉન્ડ પાણીની પાઈપો બદલી નાંખવાથી પાણીનો પ્રશ્ન નહિ રહે તેવુ રટણ કરાય છે. પરંતુ છેલ્લા કેટલાય વર્ષોથી આમ બનેલ નથી. આ અંગે રત્નદીપ સોસાયટીના રહીશોની આ બાબતે નગરપાલિકા તંત્ર ઉકેલ લાવે તેવી લાગણી પ્રબળ બનેલ છે.